જા.નં./RMSA/વિધ્યાંજલિ/૨૦૨૨/૫૮૭૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૬/૦૪/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરતની શહેર અને જીલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા ,સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

**પત્રક્રમાંકઃસમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૨/** ૧૨૫૨૫ - ૧૨૫૯૫ **તા.૨૨/૪/૨૦૨૨**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા – તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા – તમામ

વિષયઃ 'વિદ્યાંજલિ' કાર્યક્રમ અંતર્ગત 'નોડલ ઓફિસર'ની નિમણૂક કરવા બાબત...

શ્રીમાન,

'વિદ્યાંજલિ' એ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શાળાઓને સમાજ/સમુદાય અને ખાનગી એકમો સાથે જોડી શાળાઓના વિકાસ કરવા અંગેની એક વિશેષ પહેલ છે.

આ કાર્યક્રમના સુચારું અમલીકરણ અર્થે જિલ્લા કક્ષાએ 'નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી' ને 'જિલ્લા નોડલ ઓફિસર' તરીકે અને OIC-TTને 'મદદનીશ જિલ્લા નોડલ ઓફિસર' તરીકે નિમણૂક કરવા જણાવવામાં આવે છે. તેઓએ સંદર્ભમાં દર્શાવેલા પત્ર સાથે જોડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ પોતાના જિલ્લાની શાળાઓનું 'વિદ્યાંજલિ' પોર્ટલ પર સમયસર રજિસ્ટ્રેશન થાય તથા જિલ્લામાં કાર્યક્રમનું યોગ્ય રીતે અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સમયાંતરે ભારત સરકાર કે રાજ્ય કચેરી દ્વારા સૂચવવામાં આવતા કાર્યક્રમ અને તે અંગેના ડેટા નિભાવવાના રહેશે.

'વિદ્યાંજલિ' કાર્યક્રમ હેઠળ આપના જિલ્લા નોડલ ઓફિસર અને મદદનીશ જિલ્લા નોડલ ઓફિસરની સત્વરે નિમણૂક કરવા આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. આભારસહ.

સચિવ
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ**
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

સવિનય નકલ રવાના:

- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સદર કચેરી
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સદર કચેરી
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર.

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
સર્વ શિક્ષા અભિયાન – સુરત,
શાળા ક્રમાંક– ૧૯, કલા ગાર્ડન રોડ,નાનપુરા,સુરત.
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૮૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

નં.ક્રમાંક/સમગ્ર શિક્ષા/ક્યુ.ઈ.સેલ./૨૦૨૨/ ૯૫૮૦ – ૨૬૦૧

તા.૨૫/૪/૨૦૨૨

પ્રતિ
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તમામ
બીઆરસી કો.ઓર્ડિનેટર તમામ
તાલુકા. તમામ.
જિ. સુરત.

વિષય : 'વિદ્યાંજલિ' કાર્યક્રમ અંતર્ગત 'વિદ્યાંજલિ' પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા બાબત
સંદર્ભ : પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૨/૧૨૪૦૫–૧૨૪૭૬ તા. ૨૧/૪/૨૨

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે 'વિદ્યાંજલિ' એ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શાળાઓને સમાજ/સમુદાય અને ખાનગી એકમો સાથે જોડી વિદ્યાંજલિ કાર્યક્રમ દ્વારા શાળાઓના વિકાસ કરવા અંગેની એક વિશેષ પહેલ છે. વિદ્યાંજલિ કાર્યક્રમના માધ્યમથી વિવિધ સ્વંય સેવકો જેમકે યુવા વ્યવસાયિકો, શાળાના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ, સેવામાં રહેલ અને નિવૃત શિક્ષકો/સરકારી અધિકારીઓ/વ્યાવસાયિકો, બિનસરકારી સંસ્થાઓ અને અન્ય તમામ લોકો સાથે શાળાઓને જોડવામાં આવનાર છે.

આ કાર્યક્રમના અમલીકરણ માટે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા એક પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. જવા માટે https;//vidyanjali.education.gov.in વેબસાઈટ વડે પોર્ટલ પર જઈ શકાશે. શાળાઓ પોતાની પ્રાથમિક માહિતી સાથે વિદ્યાંજલિ પોર્ટલ પર પોતાની નોંધણી કરાવવાની રહેશે. નોંધણી પછી, શાળાએ જરૂરી બાહય સહયોગ માટે સેવા/પ્રવૃતિ અથવા અસ્કયામતો/ સામગ્રી/સાધનોની વિગતો સાથેની રીકવેસ્ટ પોસ્ટ કરવાની રહેશે. સ્વયંસેવકો કે જેઓ પોર્ટલ પર રજીસ્ટર થયેલા છે. તેઓ રીકવેસ્ટ પોસ્ટના આધારે સેવા/પ્રવૃતિ અથવા અસ્કયામતો/ સામગ્રી/ઉપકરણની વિનંતી માટે પોર્ટલ પર તેની રુચિ બતાવશે. શાળા દ્વારા સ્વયંસેવકો સેવા/પ્રવૃતિ અથવા અસ્કયામતો/ સામગ્રી/સાધનોમાં ભાગ લેવા માટેઅધિકૃત કરવામાં આવશે.

વિદ્યાંજલિ કાર્યક્રમ અંતર્ગત સેવા એટલે કે યોગા, આર્ટ એન્ડ ક્રાફટ, વ્યવસાયિક શિક્ષણ, ભાષા શિક્ષણ, વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને સહાય, સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી તૈયારીમાં મદદ માટે રીવેસ્ટ પોસ્ટ મુકી શકશે.

આ ઉપરાંત કાઉન્સેલર્સ અને વિશેષ શિક્ષકો, માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી માટે કાઉન્સેલર્સ, રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમો ભાગ લેવા, આરોગ્ય અને સ્વચ્છતા સંશાધનો, કન્યાઓ માટે સ્વરક્ષણ તાલીમ, વગેરે જેવી બાબતો માટે સ્પોન્સરશીપની તેમજ શાળાને જરૂરી સાધન સામગ્રી જેમકે, ભોતિક સુવિધાઓ, ઈલેકટ્રીક સુવિધાઓ, ડીજીટલ ઈન્ફ્રાસ્ટકચર તેમજ વિધિ પ્રકારના સંશાધન માટે રીવેસ્ટ પોસ્ટ કરી શકશે.

ઉપરોકત બાબતે ધ્યાને લઈ આપના તાલુકાની તમામ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને 'વિદ્યાંજલિ' પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા અંગે અને યોગદાન તેમજ સેવાઓ મેળવવા માટે આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી પ્રક્રિયા કરવા સુચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણઃ–સંદર્ભ પત્ર

**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**સમગ્ર શિક્ષા, સુરત.**

**નકલ સવિનય રવાના જાણ અર્થે**
(૧) માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સાહેબશ્રી, સ્ટેટ પ્રોજેકટ કચેરી,એસએસએ,સેકટર–૧૭,ગાંધીનગર.
જયભારત સહ નકલ રવાના :
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા સેવાસદન,સુરત
૨/ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારું.
**નકલ રવાના જાણ તથા અમલ કરાવવા સારૂં.:**
નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સુરત (જિલ્લા નોડલ અધિકારી)